રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણવાળા
ગ્રાહકો/બીન ગ્રાહકોનાં બાકી લ્હેણાની વસુલાત માટેની
"માફી યોજના-૨૦૧૭"

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧,
નવા સચિવાલય,ગાંધીનગર
તારીખ: 25 APR 2018

**વંચાણે લીધા:**

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૧૨/૧૦/૨૦૧૭

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૧૮/૧૦/૨૦૧૭

**ઠરાવ:**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) તથા (૨) સામેનાં રાજ્ય સરકારનાં ઠરાવોથી ,રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણોવાળા ગ્રાહકો/બીન ગ્રાહકોનાં બાકી લ્હેણાની વસુલાત માટેની "માફી યોજના-૨૦૧૭" અમલમાં મૂકવામાં આવેલ. આ ઠરાવોથી નિયત કરવામાં આવેલ યોજનાના અમલીકરણ માટેનાં માપદંડો/ધારાધોરણો/શરતો પરત્વે સ્પષ્ટતા કરવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણામાં હતી.

આથી રાજ્ય સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે *આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકાર તરફથી કોઈ જ નાણાકીય સહાય આપવામાં આવશે નહીં. માંડવાળ કરવાની રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. તથા સંલગ્ન વીજ કંપનીઓએ તેમના હિસાબો (Books of Account) માં માંડવાળ કરવાની રહેશે.*

વધુમાં, આ યોજનાની મુદ્દત આ ઠરાવ ઈશ્યુ કર્યા તારીખથી ત્રણ મહિના સુધી વધારવામાં આવે છે.

સદર યોજનાના અન્ય માપદંડો/શરતો/ધારાધોરણો વંચાણે લીધેલ ક્રમાંક-(૧) અને (૨) સામેનાં ઠરાવમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૩૦/૦૧/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઈન્દીરા ગામીત)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પાછળ..

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રી (રાજ્યકક્ષા) નાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષનાં નેતાશ્રીનાં અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ચેરમેનશ્રીનાં અંગતસચિવશ્રી, નામ. ગુજરાત વીજ નિયમન પંચ, ગીફ્ટ સીટી, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નાણા સલાહકારશ્રી(ઉર્જા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ